અમદાવાદ શહેરના નવા વાડજ ગામમાં એક મકાનનો હિસ્સો ધરાશાયી થતાં એએમસી દ્વારા વધારાના હિસ્સાને પણ ઉતારી લેવામાં આવ્યો હતો.

અમદાવાદની ૧૬૫ ઓવરહેડ ટાંકીઓમાંથી ૪૪ જર્જરીત હાલતમાં

અમદાવાદ, અમદાવાદ શહેરમાં બોપલમાં બનેલી દુર્ઘટના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઓવરહેડ ટાંકીઓનો સર્વે હાથ ધરાયો હતો.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કુલ મળીને ૧૬૫ જેટલી ઓવરહેડ ટાંકીનો સર્વે કરાયો છે.આ ટાંકીઓ પૈકી ૪૪ જેટલી ટાંકીઓ જર્જરીત હાલતમાં છે.ગોતા વિસ્તારમાં આવેલી ૬૦ વર્ષ જુની ઓવરહેડ ટાંકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તોડી પાડવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં વર્ષ-૨૦૦૮થી ૨૦૧૦ સુધીના સમયગાળામાં ૩૩ ગ્રામ પંચાયત અને ૧૧ નગરપાલિકાના વિસ્તારોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવવામાં આવ્યા હતા.આ પછી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જર્જરીત ટાંકીઓ અંગે કોઈ જ સર્વે કરાયો ન હતો. વોટર સપ્લાય કમિટીના ચેરમેન રશ્મિકાંત પટેલે પ્રતિક્રિયા આપતા કહ્યુ,અમદાવાદમાં બોપલમાં બનેલી દુર્ઘટના બાદ એક સર્વે જર્જરીત ટાંકીને લઈને કરવામાં આવ્યો છે.અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં કુલ ૧૬૫ ઓવરહેડ ટાંકીઓનો સર્વે કરાયો છે.જેમાં ૪૪ જર્જરીત હાલતમાં છે.આ પૈકી ઉત્તર-પશ્ચિમઝોનમાં ૧૪,પશ્ચિમઝોનમાં ૧૦,દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આઠ,ઉત્તરઝોનમાં ત્રણ,પૂર્વઝોનમાં ત્રણ અને મધ્યઝોનમાં એક ટાંકીનો સમાવેશ થાય છે.અમદાવાદમાં વેજલપુર, જાધપુર, ગોતા, ઓગણજ, શેલા, મકરબા, હેબતપુર જેવા વિસ્તારોમાં જર્જરીત ટાંકીઓ હોવાછતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઈ ભયસૂચક બોર્ડ કે બેરીકેટસ પણ સાવચેતી માટે મુકવામાં આવ્યા નથી. શહેરના બોપલ વિસ્તારમાં પાણીની ટાંકી ધરાશયી થયા બાદ ઘાટલોડીયા વિસ્તારમાં આવેલા કર્મચારીનગરની ૨૫ વર્ષ જુની પાણીની ટાંકી ધડાકાભેર તુટી પડતા આસપાસના રહીશો ભયના માર્યા ફફડાટ સાથે ઘરની બહાર દોડી ગયા હતા.આ ઘટના બાદ ફાયરની ટીમે ઘટના સ્થળે પહોંચી રેસ્કયુ કામગીરી કરી હતી.જેમાં એક ૨૫ વર્ષની યુવતીને ઈજા થતા તેને સારવાર માટે ખસેડાઈ હતી.અમપા એસ્ટેટ વિભાગે ઘટનાસ્થળે પહોંચી કાટમાળ ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. આ અંગે મળતી માહીતી મુજબ, શહેરના પશ્ચિમઝોનમાં આવેલા ઘાટલોડીયાના કર્મચારીનગર પાસે ૨૫ વર્ષ જુની પાણીની ટાંકી આવેલી છે.આ ટાંકીની મરામત અંગે સ્થાનિક રહીશો દ્વારા સત્તાવાળાઓ સમક્ષ અવારનવાર રજુઆત કરાઈ હતી.છતાં તંત્રના બહેરાકાને આ રજુઆત સંભળાઈ નહતી. દરમિયાન રવિવારે વહેલી પરોઢના ૪.૩૦ના સુમારે આ ટાંકી ધડાકાભેર તુટી પડતા ફાલ્ગુની આચાર્ય,ઉં.વર્ષ-૨૫ને હાથે ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ ટાંકી ક્ષતિગ્રસ્ત હોઈ રાત્રિના બે વાગ્યાથી જ તેમાંથી પાણી લીક થવા લાગ્યુ હતુ.અંતે ૪.૩૦ કલાકે તુટી પડતા ભર ઉંઘમાંથી લોકો જાગીને બહાર દોડી આવ્યા હતા.સ્થાનિક રહીશોની મળેલી પ્રતિક્રીયા મુજબ,અવાજ એટલો પ્રચંડ હતો કે જાણે ભૂકંપ આવ્યો હોય એવી અનુભૂતિ થઈ હતી.ઘટના અંગે અમપા ફાયરને જાણ કરાતા ફાયર અને એસ્ટેટની ટીમ ઘટના સ્થળે દોડી ગયા હતા.બોપલની ટાંકી ધરાશાયી બનવાની ઘટના બાદ ઘાટલોડીયામાં પાણીની ટાંકી ધરાશાયી બનતા લોકોએ સ્થાનિક તંત્રની બેદરકારી સામે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.પાર્ક કરેલી અલ્ટો કારનો ખુડદો બોલી ગયો હતો.ઉપરાંત નજીકના ઘરમાં પાણી ફરી વળ્યા હતા. દિવાળીના થોડા દિવસો અગાઉ વિશાલા સર્કલ પાસે નવી બનાવવામાં આવી રહેલી પાણીની ટાંકીમાં પાઈપલાઈન માટે માપ લેવા ઉતરેલા બે મજુરો અચાનક જ નીચે પડી જતા દટાઈ જવાથી તેમના મોત થયા હતા.આ ઘટના અંગે હજુ સુધી કોઈ સત્તાવાર રીપોર્ટ જારી કરવામાં આવ્યો નથી.

અરવલ્લીના ખેડૂતોને કુદરતી આફતથી રોવાનો વારો આવ્યો



મોડાસા, અરવલ્લી જિલ્લામાં ચોમાસા દરમિયાન ૧૦૫ ટકા કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો.જેના કારણે ખેડૂતોને નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. ત્યારે કમોસમી માવઠા થવાને કારણે રહ્યો સહ્યો પાક પણ બગડી ગયો છે. ત્યારે સરકાર દ્વારા ઝડપથી સરવેની કામગીરી હાથ ધરી ખેડૂતોને સહાય આપવામાં આવે તેવી માંગ ઉઠી છે. અરવલ્લી જિલ્લામાં ૨ લાખ હેકટર થી વધુ જમીન માં ખેડૂતોએ વિવિધ પાકનું વાવેતર કર્યું હતું. ચોમાસાની સિઝનમાં ૧૦૫ ટકા કરતા વધુ વરસાદ ખાબક્યો છે. સિઝનનો પાક ખેતરમાં વાઢી લીધા બાદ કમોસમી વરસાદ થયો છે. જેના કારણે તૈયાર પાક નિષ્ફળ ગયો છે. જિલ્લામાં પાક નિષ્ફળ જતાં એક ખેડૂતે આત્મહત્યા પણ કરી છે ત્યારે પાછોતરું વાવેતર કરનાર જિલ્લા ના ૫૦ ટકા થી વધુ ખેડૂતોની મગફળી કપાસ સોયાબીન અને અડદનો પાક ખેતરમાં ઉભો હતો ને કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકશાન બાદ બચેલો પાક મળશે અને ખર્ચો નીકળવાની આશા હતી ત્યાં તો બુધવારે મહા વાવાજોડાની અસરથી વહેલી સવારે જિલ્લાના ભિલોડા માલપુર મોડાસા સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો જેના કારણે ખેતરમાં તૈયાર ઉભો કપાસ મગફળી સોયાબીનનો પાક સંપૂર્ણ પણે નિષ્ફળ ગયો છે. માવઠાને કારણે ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન જતા રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. બુધવારે ફરી એક વખત ખેડૂતો ને નુકશાની નો માર ખેડૂતોને વેઠવો પડ્યો છે ત્યારે હવે સરકાર દ્વારા પાક નુકશાનીનો સર્વે કરી વળતર આપે એવી માંગ છે.

હિંમતનગર શહેર ભાજપ પ્રમુખ તરીકે હર્ષદ મિસ્ત્રીની સર્વાનુમતે વરણી

હિંમતનગર, હિંમતનગર શહેર ભારતીય જનતાપાર્ટીના હોદેદારોની વરણી માટે પ્રદેશ ભાજપ અગ્રણી, જિલ્લા ભાજપ પ્રમુખ અને સ્થાનિક ધારાસભ્યની ઉપસ્થિતિમાં બુધવારે હિંમતનગર ખાતે બેઠક મળી હતી. જેમાં શહેર ભાજપના પ્રમુખ અને બે મહામંત્રીઓની સર્વાનુમતે વરણી કરાતા ભાજપ સંગઠનના પદાધિકારી સાથે કાર્યકરોએ નવનિયુકત હોદેદારોને શુભેચ્છાઓ આપી હતી.હિંમતનગર શહેર ભાજપના હોદેદારોની વરણી માટે પ્રદેશ અગ્રણી શંકરભાઈ ચૌધરી, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ અનિરૂધ્ધભાઈ પટેલ સહિત સંગઠનના વિવિધ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. જે બેઠકમાં શહેર ભાજપના પ્રમુખ તરીકે ભાજપના કર્મઠ કાર્યકર હર્ષદભાઇ મિસ્ત્રીને પ્રમુખ તરીકે અને મહામંત્રી તરીકે જયેશભાઇ પટેલ (કવિ) તથા કિરીટભાઇ મુંદડાની સર્વાનુમતે વરણી થઇ હતી. નવનિયુકત શહેર સંગઠનના ત્રણેય હોદેદારોની વરણીને જિલ્લા તેમજ શહેર સંગઠનના કાર્યકરોએ બિરદાવી અભિનંદન આપ્યા હતા.

‘મહા’ અસર : આંકલાવમાં બે કલાકમાં એક ઈંચ વરસાદ, ૯મી પછી પારો ઘટશે

આણંદ, મહા વાવાઝોડાની અસર હેઠળ આણંદ જિલ્લામાં બુધવારે મોડી રાતથી જ છાંટા પડવા સાથે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ગુરુવારે સવારના કેટલાક સ્થળે ઝરમર તો કેટલાંક સ્થળે ભારે વરસાદ વરસ્યો હતો. આંકલાવમાં સવારના બે કલાકમાં એક ઈંચ વરસાદ વરસ્યો હતો. સવારના વરસાદ થયા બાદ દિવસ દરમિયાન વાતાવરણ વાદળછાયું રહ્યું હતું. અગાઉ ક્યાર અને હવે મહા વાવાઝોડાની અસર હેઠળ દસ દિવસમાં ફરીથી વરસાદ થતાં ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે. બુધવારે મોડી રાત્રિના જ છાંટા પડવા સાથે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ગુરુવારે સવારના કેટલાક સ્થળે હળવો તો કેટલાંક સ્થળે ભારે વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સૌથી વધુ આંકલાવ તાલુકામાં સવારના ૮થી ૧૦ કલાક દરમિયાન એક ઈંચ વરસાદ વરસ્યો હતો. આણંદ જિલ્લા ડિઝાસ્ટર વિભાગના જણાવ્યા અનુસાર આણંદ ૧મિમિ, ઉમરેઠમાં ૬ મિમિ અને બોરસદમાં ૩ મિમિ વરસાદ નોંધાયો હતો. વરસાદના પગલે ફરીથી ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઇ ગયા હતા. સવારના વરસાદ બાદ દિવસ દરમિયાન વાતાવરણ વાદળછાયું રહ્યું હતું. તેમજ ઠંડો પવન ફૂંકાઇ રહ્યો હોય વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. હજી શુક્રવારે વાદળછાયુ વાતાવરણ રહેશે, ત્યારબાદ શનિવારથી વાદળો હટી વાતાવરણ સ્વચ્છ થઇ જશે. આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાનશાસ્ત્રી ડો.વ્યાસપાંડેએ જણાવ્યું હતું કે, ‘સાયક્લોનની સિસ્ટમ કમજોર પડી ગઇ છે, જેથી શુક્રવારે વાતાવરણ વાદળછાયુ રહેશે ત્યારબાદ વાદળો હટી જતાં શનિવારથી વાતાવરણ સ્વચ્છ થઇ જશે. તેમજ તાપમાનનો પારો ધીમે ધીમે ઘટશે. આ ઉપરાંત સમુદ્રનું તાપમાન વધુ રહેશે તો ફરીથી સાયક્લોનની સિસ્ટમ સર્જાય તો ૧૫મી નવેમ્બરની આસપાસ ફરીથી વરસાદ થઇ શકે છે.

અંબાજીમાં પ્રજ્ઞાચક્ષુ કિશોરીને પીંખી નાખનાર બે નરાધમ અંધ શિક્ષકો ઝબ્બે

અંબાજી, અંબાજી સ્થિત નવોદય વિકલાંગ વિકાસ ટ્રસ્ટ સંચાલિત પ્રજ્ઞાચક્ષુ વિધાલયમાં અભ્યાસ તેમજ સંગીત શીખવા માટે રહેતી પ્રજ્ઞાચક્ષુ કિશોરી ઉપર શાળાના જ બે નરાધમ અંધ શિક્ષકો દ્વારા અવાર- નવાર દુષ્કર્મ ગુજારનાર બંને નરાધમોને ગુરૂવારે પાલનપુર તાલુકાના લાલાવાડા ગામ નજીકથી પોલીસે દબોચી લીધા હતા. બનાસકાંઠા જિલ્લા બહાર રહેતા એક પરિવારે તેમની ૧૫ વર્ષિય પ્રજ્ઞાચક્ષુ ભત્રીજીને યાત્રાધામ અંબાજી ખાતે આવેલી નવોદય વિકલાંગ વિકાસ ટ્રસ્ટ સંચાલિત પ્રજ્ઞાચક્ષુ વિધાલય અને વિકલાંગોનું શિક્ષણ અને પુનવર્સન તાલીમ સંકુલમાં અભ્યાસ તેમજ સંગીત શિખવા માટે મુકવામાં આવી હતી. જે સંસ્થાની જ હોસ્ટેલમાં રહેતી હતી. દરમિયાન શિક્ષક જયંતિ વિરચંદ ઠાકોરે તારીખ ૧/૧૦/૧૯ થી ૨૦/૧૦/૧૯ દરમિયાન ભાદરવા મહિનામાં રામાપીરજીના નોરતા દરમિયાન સંગીતના રૂમમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. જેના ત્રણ દિવસ બાદ ચમન મુળા ઠાકોરે પણ સંગીતના રૂમમાં દુષ્કર્મ આચર્યુ હતુ. આ ઉપરાંત નવરાત્રના પ્રથમ નોરતાના આગળના દિવસે ચમન ઠાકોરે અને નવરાત્રીના સાતમા નોરતાએ ઉપવાસ હોવા છતાં જયંતિ ઠાકોરે તેણીની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. આમ છેલ્લા ત્રણ માસમાં સંસ્થાના નરાધમ અંધ શિક્ષકો જયંતિ વિરચંદ ઠાકોર અને ચમન મુળા ઠાકોરે અવાર- નવાર તેણીની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. જોકે, સંસ્થાના સંચાલક લલ્લુભાઇ પ્રજાપતિએ દિવાળીના વેકેશનની ફોન દ્વારા જાણ કરતાં પરિવારજનો તેણીને વતન લઇ આવ્યા હતા. દરમિયાન તહેવારો પતી ગયા બાદ તેણીએ અંબાજી ભણવા જવાનું ના કહેતા પરિવારજનોએ પૃચ્છા કરતાં સમગ્ર ઘટના બહાર આવી હતી. આ અંગે પરિવારજનોએ અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે બંને નરાધમો સામે ગૂનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી હતી. જયાં ગુરૂવારે પાલનપુર તાલુકાના લાલાવાડા ગામ નજીકથી તેમને દબોચી લેવાયા હતા.

થરાદમાં સંકલનની બેઠકમાં રોડ, પાણી અને વિજળીના મુદ્દા ચમક્યાં

થરાદ, થરાદ નાયબ કલેકટરના અધ્યક્ષ સ્થાને બુધવારે સંકલનની બેઠક યોજાઇ હતી. જેમાં તંત્ર જ જાણે લોકોની સુખાકારીમાં વામણું પુરવાર થયું હોય તેમ રોડ, પાણી અને વિજળીના પ્રશ્નો મુખ્ય રહ્યા હતા. થરાદ નાયબ કલેકટર વી. સી. બોડાણાના અધ્યક્ષ સ્થાને સંકલનની બેઠક યોજાઇ હતી. જેમાં વરસાદ બાદ મોટાભાગના સ્થળોએ રોડ તૂટેલા હોવાની રજૂઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત નર્મદા કેનાલોમાં પડેલા ગાબડાઓ પુરવામાં આવ્યા ન હોઇ છેવાડાના વિસ્તારોમાં રહેતા ખેડૂતો પાણીથી વંચિત રહેશે. આ મુદ્દે તત્કાલ કામગીરી શરૂ કરવા રજૂઆત કરવામાં આવી હતી. મોટા ભાગની આંગણવાડીઓમાં લાઇટો ન હોઇ બાળકો પરેશાન થઇ રહ્યા છે. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં વીજ કંપનીના અધિકારીઓ મીટરો ફીટ ન કરતાં હોવાના આક્ષેપો પણ કરાયા હતા. આ તમામ પ્રશ્નોની પ્રાંત અધિકારીએ ગંભીર નોંધ લીધી હતી. અને રજૂઆત મળે રૂબરૂ સ્થળ ચકાસણી કરવા જણાવી તમામ પ્રશ્નોના નિરાકરણ માટે સૂચનાઓ આપી હતી. સંકલનની બેઠકમાં સૌથી વધુ પાણીના પ્રશ્ન ઉપર ભાર મુકાયો હતો. ત્યારે જ પાણી પુરવઠા અધિકારી ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત પોલીસ અધિકારી સહિત મોટાભાગના અધિકારીઓ પણ ગેરહાજર રહ્યા હતા.

ખંભાતમાં ફ્લેટની વેચાણ કિંમત ચૂકવ્યા બાદ પણ દસ્તાવેજ ના કરી આપ્યો

ખંભાત, ખંભાતના સ્ટેશન રોડ રેલવે સ્ટેશન પાસે ખાનગી કંપનીના ઓથોરાઈઝડ સિગ્નેચરી તેમજ રાજેન્દ્રભાઈ કુકડીયા સહિતના સંચાલકોએ ‘સિધ્ધસાગર’ નામે ત્રીજા માળે બનાવેલ ફ્લેટનું બુકિંગ કરાવી ગ્રાહકો દ્વારા ફ્લેટની પુરેપુરી વેચાણ રકમ ચૂકવ્યા બાદ રજી.દસ્તાવેજ ન કરી અપાતા જાગૃત ગ્રાહકોએ ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ-આણંદમાં ફરિયાદ કરી હતી. જે કેસ ચાલી જતા આણંદની ગ્રાહક તકરાર કોર્ટે ગ્રાહકને બે માસમાં રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવા તેમજ દસ્તાવેજ કરી આપવા બાબતે નિષ્ફળ જાય તો કંપનીના માલિકો અને સંચાલકોએ અરજી તારીખથી ૭ ટકા વ્યાજ સહિત વસુલેલ રકમ ફરિયાદીને ચૂકવવા હુકમ કરતા લે-ભાગુ ચીટરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. વધુમાં પ્રાપ્ત વિગતો મુજબ ખંભાત ક્રિષ્ના પોળમાં રહેતા રંજનબેન અકીકવાળા અને હરકિશન અકીકવાળાએ ખંભાતના સ્ટેશન રોડ પાસે સિધ્ધસાગરમાં ત્રીજા માળે ફ્લેટ નંબર-૨૦૨ વેચાણ રાખવા આઈઆરએમ ઈન્ફ્રા પ્રોજેક્ટસ પ્રા.લિ.ના ઓથોરાઈઝડ સિગ્નેચરી તેમજ રાજેન્દ્રભાઈ કુકડીયા પાસે બુકીગ કરાવ્યો હતો. આ ફ્લેટની પૂરેપૂરી રકમ કંપનીને ચૂકવી આપી હતી. ત્યારબાદ ગ્રાહકને દસ્તાવેજો ટાઈપ કરવા સ્ટેમ્પ લાવવાનું જણાવતા રૂ.૯૫,૦૦૦નો સ્ટેમ્પ ખરીદી કંપનીના માલિક અને સંચાલકને આપ્યો હતો. દસ્તાવેજ ટાઈપ કરી એક ઝેરોક્ષ નકલ ફરિયાદીને વાંચવા આપી હતી. બાદમાં ગ્રાહકો બે ત્રણ વખત અમેરિકા ગયા હોવાથી કંપનીના રાજેન્દ્રભાઈને પૂછતા દસ્તાવેજ કરી આપીશું તેવું જણાવ્યું હતું. ગ્રાહકે અમેરિકાથી પરત આવ્યા બાદ પણ વારંવાર દસ્તાવેજ અંગે પૂછ્યું ત્યારે પણ કંપનીના રાજેન્દ્રભાઈ કુકડીયા બહાના બતાવતા હતા. જેથી જાગૃત ગ્રાહકને કંપનીના માલિકો અને સંચાલકોની સેવામાં ખામી જણાતા આણંદની જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ૧૮ મે, ૨૦૧૮ના રોજ ફરિયાદ કરી હતી.કોર્ટે કંપનીના માલિક અને સંચાલકને નોટીસ બજાવી હાજર રહેવા જણાવ્યું હતું.

સેવાલિયામાં ૪ પિસ્તોલ સાથે પકડાયેલા આરોપીના વધુ ૩ દિવસના રિમાન્ડ

નડિયાદ, સેવાલિયા ચેકપોસ્ટ પાસેથી તા. ૩ નવેમ્બરના એક લકઝરી બસમાંથી ચાર પિસ્તોલ સાથે એક મુસાફરને પોલીસે ઝડપી પાડયો હતો. આ આરોપીએ રિમાન્ડ દરમિયાન તેણે આ પિસ્તોલ જામનગરના યુવકને આપવાની છે તેવી કેફિયત કરી હતી. જેને લઇને પોલીસે જામનગર જઇને પિસ્તોલ મંગાવનાર યુવકની પણ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત મુખ્ય આરોપીના રિમાન્ડ પૂર્ણ થયા બાદ તપાસ બાકી હોવાથી વધુ ત્રણ દિવસના રીમાન્ડ કોર્ટે મંજૂર કર્યા હતા. સેવાલિયા જૂની ચેકપોસ્ટ પાસે ચેકીગ દરમિયાન ગગન ટ્રાવેલ્સની ઈન્દોર અમદાવાદ રૂટની લકઝરી બસમાં મુસાફરી કરી રહેલ ગજેન્દ્રસિંહ કુશવાહ (ઉ.વ. ૩૫) મૂળ રહે. યુ.પી. હાલ જામનગર)ના થેલામાંથી ચાર પિસ્તોલ મળી આવી હતી. આ પિસ્તોલ પરવાના વગરની હતી. ગજેન્દ્રસિંહની અટકાયત કરીને તા. ૭મી નવેમ્બર સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાન્ડમાં આરોપીએ એક પિસ્તોલ જામનગરના કાના ઉર્ફે કાનો ધનાભાઇ ગઢવી (ઉ.વ. ૩૨)ને આપવાની કેફિયત કરી હતી. સેવાલિયા પોલીસે જામનગરથી કાના ગઢવીની અટકાયત કરીને સેવાલીયા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો.

પીજમાં ઝેરી પદાર્થ ખવડાવી ગાયોને મોતને ઘાટ ઉતારી

નડિયાદ, વસો તાલુકાના પીજ ગામમાં એકસાથે અગિયાર ગાયના મોત થવાને કારણે પશુપાલકોમાં રોષની લાગણી વ્યાપી ગઇ છે. આ કૃત્ય કોઇ અસામાજિક તત્વોએ જાણી જોઇને જ કર્યું હોય તેવું પશુપાલકોને લાગી રહ્યું છે. જેથી આવા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી સાથે ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી રજૂઆત આવેદન આપીને કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી આપતા પશુપાલકોએ જણાવ્યું હતું કે, પીજ ગામમાં બે દિવસ અગાઉ એકા એક એક પછી એક અગિયાર ગાયના મૃત્યુ નિપજ્યા હતા. ગાય તરફડીને નીચે પટકાઇ હતી અને મોઢામાંથી ફિણ સાથે લોહીની ઉલટી કરીને તે મૃત્યુ પામી હતી. તમામ ગાયોના મૃત્યુ એક જ રીતે થયા હોવાથી ગાયોને જાણી જોઇને કોઇ ઇસમો દ્વારા ઝેરી પદાર્થ ખવડાવીને મારી નાખવામાં આવી હોવાની શંકા પણ પશુપાલકોને થઇ રહી છે. આ બાબતે વસો પોલીસ મથકે પણ જાણ કરવામાં આવી છે. પીજ ગામમાં કેટલીક જગ્યાઓએ કેમેરા પણ મુકવામાં આવ્યા છે. જેથી આ કેમેરામાં પણ આવા ઇસમોની હિલચાલ કેદ થઇ હોવાથી તેની તપાસ કરવામાં આવે તેવી માગણી સાથેની રજૂઆત જિલ્લા કલેક્ટરને કરવામાં આવી છે. તેમજ આ બાબતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને સત્વરે કાર્યવાહી કરવા માગણી કરી છે. વસો તાલુકાના પીજ ગામમાં એકસાથે અગિયાર ગાયના મોત થવાને કારણે પશુપાલકોમાં રોષની લાગણી વ્યાપી ગઇ છે. આ કૃત્ય કોઇ અસામાજિક તત્વોએ જાણી જોઇને જ કર્યું હોય તેવું પશુપાલકોને લાગી રહ્યું છે. જેથી આવા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી સાથે ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી રજૂઆત આવેદન આપીને કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી આપતા પશુપાલકોએ જણાવ્યું હતું કે, પીજ ગામમાં બે દિવસ અગાઉ એકા એક એક પછી એક અગિયાર ગાયના મૃત્યુ નિપજ્યા હતા. ગાય તરફડીને નીચે પટકાઇ હતી અને મોઢામાંથી ફિણ સાથે લોહીની ઉલટી કરીને તે મૃત્યુ પામી હતી.

Bloom Dekor Limited

CIN: L20210GJ1992PLC017341
Registered Office: Plot No. 267, Village: Oran, Tal: Prantij, N.H.8, Dist. Sabarkantha, North Gujarat – 383 205
Corp.off: 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad - 380 059
Ph: 079 - 2684 1916; **Fax:** 079 - 2684 1914; **Email:** redressal@bloomdekor.com; **Web:** www.bloomdekor.com

UNAUDITED FINANCIAL RESULT FOR THE QUARTER ENDED ON SEPTEMBER 30, 2019 (₹ in Lakh except EPS)

Particulars	Quarter ended on 30/09/2019	Year ended on 31/03/2019	Quarter ended on 30/09/2018
	Unaudited	Audited	Unaudited
Total Income From Operations	1,113.75	5,160.81	1,351.76
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	(40.34)	(919.53)	(252.65)
Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	(40.34)	(919.53)	(252.65)
Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	(29.43)	(733.19)	(189.75)
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(28.09)	(729.22)	(187.45)
Equity Share Capital	685.00	685.00	685.00
Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year)	-	(363.57)	-
Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-			
Basic : (not annualzed for the quarter ended)	(0.43)	(10.70)	(2.77)
Diluted:(not annualzed for the quarter ended)	(0.43)	(10.70)	(2.77)

Note:- The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the BSE Limited under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and Company's website at www.bloomdekor.com.

For,Bloom Dekor Limited
Sd/-
Dr. Sunil Gupta
Managing Director
DIN: 00012572

Place: Ahmedabad
Date: November 8, 2019